<u>ઉજા અધિક સીવીલ જજ અને જે.એમ.એફ.સી. સાહેબની કોર્ટ, રાજકોટ</u>
<u>(શ્રી બી.પી.ઠાકર સાહેબની કોર્ટ)</u>

**ફોજદારી કેસ નંબર – ૧૩૮૬૦/૨૨**
**આંક :–**

**શ્રી સરકાર** ....... **ફરીયાદી**

**વિરૂધ્ધ**

**રવિ રમેશભાઈ** ....... **આરોપી**

**ચાર્જ :– <u>આઈ.પી.સી. કલમ – ૨૮૩ મુજબ</u>**

## –:: ચુકાદો ::–

(૧) સદર કામનું કેસ રેકર્ડ આજરોજ હાથ પર લઈ વંચાણે લીધુ. આરોપી/આરોપીઓ સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે. આરોપીને ભા.ફો.અ.ની કલમ – ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે આંક – ..... થી ગુન્હા અંગે લેખિતમાં કબુલાત પુરસીસ આપી તથા આંક – ...... .. મુજબ આરોપી/ઓ ની પ્લી લેતા, આરોપી/ઓએ તેમનો ગુન્હો કબુલ કરી આપી જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. ગુન્હા બદલ તેઓને ઘણોજ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુન્હો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી, છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈછીક હોઈ તે નોંધી પરંતુ આરોપીની સદરહું કબુલાત તેમની વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરેલ છે. તેવી કોર્ટે ખાત્રી કરેલ છે. રાજકોટ શહેરના પો.કમી. સાહેબનું જાહેરનામું અમલમાં હોય તેમ છતાં આરોપીએ જાહેરનામા

૨...

નો ભંગ કરેલ છે. આ કામના આરોપી/ઓ કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે. તથા તેઓનો આ પ્રથમ ગુન્હો છે. આરોપી/ઓની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતીને ધ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિઘ્ધાંતોને ધ્યાને લેતા આરોપી/ઓ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપી/ઓની આ કબુલાત સ્વીકારુ છું અને આરોપી/ઓને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવું છું. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતા, આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાઈ રહેશે તેમ માનું છું. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## — :: હુકમ ::—

૧. આ કામના આરોપીને આઈ.પી.સી. કલમ – ૨૮૩ મુજબ મુજબ સી.આર.પી.સી. કલમ – ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવુ છું. અને સદર ગુના સબબ આરોપી **રવિ રમેશભાઈને** રૂા. ૧૦૦/– અંકે રૂપીયા સો પૂરા નો દંડ ફરમાવવાનો હુકમ કરુ છું. જો આરોપી દંડની રકમ ન ભરે તો દીન : ૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૦૯, માહે – માર્ચ, સને ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.
તારીખ – ૦૯ / ૦૩ / ૨૦૨૪

(બી.પી.ઠાકર)
૩જા અધિક સીવીલ જજ,
અને જે.એમ.એફ.સી.,
રાજકોટ